**આજનો સુવિચાર**

દયા કરવી એટલે ઉંચે જવું પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૯ જૂનાગઢ તા.૨૧-૧૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 09, Junagadh : Date : 21 December, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## જર્મનીમાં ક્રિસ્મસ પૂર્વે હુમલો : બેકાબુ કારે ૧૧ લોકોને કચડી નાંખ્યા, ૬૮ ઈજાગ્રસ્ત



બર્લિન, તા.૨૧: જર્મનીમાં એક મોટી ઘટના સામે આવી છે. જર્મનીના મેગડેબર્ગમાં ગત રાત્રે એક કાર ક્રિસમસ માર્કેટમાં ઘૂસી ગઈ અને લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૬૮થી વધુ લોકો ઘાયલ થયા છે. જર્મન મીડિયાના અહેવાલ મુજબ ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે ડ્રાઈવર ભીડમાંથી ૪૦૦ મીટર સુધી તેનું વાહન લઈ ગયો. જર્મન અખબાર વેલ્ટના અહેવાલ મુજબ કારનો ડ્રાઈવર સાઉદી નાગરિક છે.

આ વ્યકતિ વ્યવસાયે ડોક્ટર છે અને તેની ઉંમર ૫૦ વર્ષની આસપાસ છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે તેની પાસે અનેક સૂટકેસ હતી, જેની તપાસ કરવામાં આવી અને તેમાં કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નથી. ઈમરજન્સી સેવાઓએ ઘાયલોની સંભાળ માટે તંબુ ગોઠવ્યા છે, જ્યારે ૧૦-૨૦ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે મેગ્ડેબર્ગ યુનિવર્સિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મેગ્ડેબર્ગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ ઘટના ઈરાદાપૂર્વક કરવામાં આવેલ હુમલો હોવાનું જણાય છે.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે મેગ્ડેબર્ગમાં એક કાળી BMW ઉત્સવની ભીડમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. ડ્રાઈવર પાસે અનેક સૂટકેસ હતી, જેની તપાસ કરવામાં આવી અને કોઈ વિસ્ફોટક સામગ્રી મળી ન હતી. આ ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. આખા રોડ પર બજાર દેખાય છે. જેના કારણે અહીં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે અચાનક એક કાર તેજ ગતિએ લોકોને કચડી નાખે છે. કેટલાક લોકો જમીન પર પડી જાય છે જ્યારે કેટલાક ભાગવા લાગે છે.

## મકાન ખરીદવું હવે વધુ મોંઘુ બનશે જંત્રી બાદ હવે જીએસટીનો ઝટકો લાગશે

**ચાર્જેબલ એફએસઆઈ પર ૧૮ ટકા જીએસટી લાગુ કરવા સરકારની દરખાસ્તથી બિલ્ડરો નારાજ**

**મકાનોની કિંમતમાં ૮ થી ૧૦ ટકાનો વધારો થશે**



અમદાવાદ,તા.૨૧ બાંધકામ ક્ષેત્રે અમલમાં આવતા પ્રોજેકટો માટે સ્થાનિક સતામંડળોમાં ચાર્જેબલ એફએસઆઈની જોગવાઈ કરાઈ છે અને ડેવલોપર્સ તેના માટે નાણાંની ચૂકવણી કરી પર્ચેઝ એફએસઆઈનો ઉપયોગ કરતા હોય છે. હવે આવી એફએસઆઈ પર કેન્દ્ર સરકારે ૧૮ ટકા જીએસટી વસુલ કરવા દરખાસ્ત કરી છે.

આ પ્રકારની જોગવાઈથી મિલકતોની કિંમતમાં નવી જંત્રીના અમલથી જે વધારો થવાનો છે. તે ઉપરાંત ૧૦ ટકા વધુ મોંઘી થશે. દેશમાં આવાસ ખરીદનારાઓ પર આ અતિરિકત ભારણ પડવાથી લોકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

કેન્દ્ર સરકારે અખત્યાર કરેલી આવાસ નીતિને મરણતોલ ફટકો પડશે. આથી ચાર્જેબલ એફએસઆઈ પર ૧૮ ટકા જીએસટી વસુલવાની દરખાસ્ત પર ફેર વિચારણા કરવા ક્રેડાઈએ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

ક્રેડાઈના ગુજરાતના પ્રેસીડેન્ટ દીપક પટેલે જણાવ્યું હતું કે, બાંધકામ વ્યવસાય ૧૮ ટકા જીએસટી લાગુ કરવાની દરખાસ્તથી આ પ્રકારની ચુકવણીઓના કારણે ડેવલોપર્સને અણધારેલી જવાબદારીઓ તથા અતિરિક્ત ભારણ ઉભી કરનાર પુરવાર થશે.

### બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિન્દુઓ પર અવિરત હુમલા - ભારત સરકાર ચિંતિત

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાઓના ૨૨૦૦ અને પાકિસ્તાનમાં ૧૧૨ કેસ નોંધાયા

નવી દિલ્હી તા.૨૧ બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિન્દુઓ પર હુમલાની ઘટનાઓ વધી રહી છે. સરકારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આ વર્ષે ૮ ડિસેમ્બર સુધી બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના ૨,૨૦૦ કેસ નોંધાયા છે.

વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે માનવાધિકાર સંગઠનોના ડેટાને ટાંકીને રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે આ વર્ષના ઓક્ટોબર સુધીમાં પાકિસ્તાનમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના ૧૧૨ કેસ નોંધાયા છે. ગત વર્ષે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાની ૩૦૨ ઘટનાઓ નોંધાઈ હતી જ્યારે પાકિસ્તાનમાં વર્ષ ૨૦૨૩માં આવી ૧૦૩ ઘટનાઓ નોંધાઈ હતી.

મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાય, અન્ય પડોશી દેશોમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના કોઈ કેસ નોંધાયા નથી. મંત્રીએ કહ્યું, 'ભારત સરકારે પાકિસ્તાનને ધાર્મિક અસહિષ્ણુતા, સાંપ્રદાયિક હિંસા, લઘુમતી સમુદાયો પર હુમલા રોકવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા પગલાં લેવા વિનંતી કરી છે. ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશાને પ્રકાશિત કરવાનું ચાલુ રાખે છે

સરકારે તેની ચિંતાઓ બાંગ્લાદેશ સરકાર સાથે પણ શેર કરી છે. ભારતને આશા છે કે ઢાકા લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેશે. ૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ બાંગ્લાદેશની વિદેશ સચિવની મુલાકાત દરમિયાન પણ આ જ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

### બાંગ્લાદેશમાં ત્રણ હિન્દુ મંદિરો પર હુમલો : ૮ મૂર્તિઓ ખંડીત કરાઈ

ઢાકા, તા.૨૧: બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસમાં ત્રણ હિંદુ મંદિરોની ૮ મૂર્તિઓ તોડી નાખી. તેનો દાવો એક મીડિયા રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. પોલીસે મંદિરમાં તોડફોડના મામલે એક વ્યકતિની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાય વિરુદ્ધની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં આ તાજેતરની ઘટના છે.

### :: સમાચાર રાઉન્ડ અપ ::

- આજે વહેલી સવારે નેપાળમાં ૪.૮ની તિવ્રતાનો ભૂકંપનો જોરદાર આંચકો : લોકો ફફડી ઉઠયા.
- વડાપ્રધાન મોદી આજથી કુવૈતના બે દિવસના પ્રવાસે
- મધ્યપ્રદેશના દેવાસમાં ગેસ સિલીન્ડર ફાટવાના કારણે એક જ પરિવારના ૪ ના મોત.
- જયપુર ટેન્કર વિસ્ફોટ ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૪ થયો.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**

અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**

- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +

- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ


સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.






છેતરપીંડી કરનારા એજન્ટો ખોટા વચનો આપે છે અને તેમને વિઝાની લાલચ આપે છે.

પીડિતોને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં તસ્કરી કરી લઈ જવામાં આવે છે.

પીડિતોને સાયબર અપરાધ કરવા માટે ફરજ પાડવામાં આવે છે, અમાનવીય સ્થિતિમાં રાખી તેમની સાથે ત્રાસ ગુજારવામાં આવે છે.

સાવચેત રહો : જોબ ઓફર કાળજીપૂર્વક તપાસો. માત્ર સરકારી અધિકૃત એજન્ટો પર વિશ્વાસ કરો.

રોકાવો । વિચારો । પગલાં લો

એવા ગૃપ્સ કે ઈ-મેઈલની www.cybercrime.gov.in અથવા 1930 પર કોલ કરી ફરિયાદ કરો.

વધુ માહિતી માટે CyberDost ને ફોલો કરો.

CBC 19101/13/0028/2425